# सत्यमेव जयते नानृतं ।

— ભાણદેવ

અસત્યનું આચરણ કરીને જીવનું યથાર્થ સાફલ્ય કોઈ પામ્યું હોય તેવું દૃષ્ટાંત વિશ્વના ઇતિહાસમાં ક્યાંય મળતું નથી – મળી શકે નહીં. અસત્યનો વિજય થતો હોય તેમ લાગતું હોય ત્યારે પણ અસત્યનો તે વિજય કામચલાઉ, તકલાદી અને ઉપરછલ્લો હોય છે. આખરે તો – सत्यमेव जयते नानृत ।

'મહાભારત'માં સત્યદેવની એક સુંદર અને માર્મિક કથા છે.

સત્યદેવ નામના એક રાજા હતા. રાજા સત્યદેવ સત્યનિષ્ઠ પુરુષ હતા. સત્યની જાળવણી માટે બીજું કાંઈ પણ છોડતાં સહેજ પણ અચકાતા નહીં.

એક દિવસ પ્રાતઃકાળે તેમણે પોતાના ઘરમાંથી એક સુંદર સ્ત્રીને બહાર નીકળતી જોઈ. મહારાજ સત્યદેવે તેમને પૂછ્યું :

''દેવી ! આપ કોણ છો ? અહીંથી શા માટે ચાલ્યાં જાઓ છો ?''

સ્ત્રીએ ઉત્તર આપ્યો :

''હું લક્ષ્મી છું. તમે સત્ય ખાતર મારી પરવા કરતા નથી, તેથી હું હવે અહીંથી જાઉં છું.''

રાજાએ કહ્યું : ''ભલે, આપ જઈ શકો છો !''

બીજે દિવસે રાજાએ પોતાના ઘરમાંથી એક પુરુષને બહાર જતો જોયો.

રાજાએ તેને પૂછ્યું :

''ભાઈ ! આપ કોણ છો ? આપ અહીંથી શા માટે જાઓ છો ?'

તે પુરુષે ઉત્તર આપ્યો :

''મારું નામ દાન છે. હવે આપના ઘરમાંથી લક્ષ્મીજી ચાલ્યાં ગયાં છે, તો હું કોને આધારે રહું ? હું જાઉં છું.''

રાજાએ કહ્યું : ''ભલે, આપ જઈ શકો છો.''

ત્રીજા દિવસે રાજાએ એક બીજા પુરુષને પોતાના ઘરમાંથી બહાર નીકળતો જોયો. રાજાએ તેને પૂછ્યું :

‘‘આપ કોણ છો અને અહીંથી શા માટે જાઓ છો ?’’

તે પુરુષે ઉત્તર આપ્યો :

‘‘મારું નામ સદાચાર છે. તમારા ઘરમાં હવે લક્ષ્મી અને દાન નથી, તો મારાથી ન રહી શકાય.’’

રાજાએ તેને કહ્યું :

‘‘ભલે, જેવી આપની ઇચ્છા.’’

ચોથે દિવસે પણ રાજાએ પોતાના ઘરમાંથી એક અન્ય પુરુષને બહાર નીકળતો જોયો. રાજાએ તેને પણ પૂછ્યું :

‘‘આપ કોણ છો ? આપ અહીંથી શા માટે જાઓ છો ?’’

તે પુરુષે ઉત્તર આપ્યો :

‘‘મારું નામ યશ છે. આપના ઘરમાંથી લક્ષ્મી, દાન અને સદાચાર ચાલ્યાં ગયાં છે, તો હું કોના આધારે રહું ? હું પણ જાઉં છું.’’

રાજાએ તેને કહ્યું :

‘‘ભલે, આપ જઈ શકો છો.’’

પાંચમા દિવસે રાજા સત્યદેવના ઘરમાંથી એક દિવ્ય પુરુષ બહાર આવ્યા. રાજા સત્યદેવે બંને હાથ જોડીને તેમને પૂછ્યું :

‘‘આપ કોણ છો અને શા માટે મને છોડી જાઓ છો ?’’

તે દિવ્યપુરુષે ઉત્તર આપ્યો :

‘‘મારું નામ સત્ય છે. આપના ઘરમાંથી લક્ષ્મી, દાન, સદાચાર અને યશ ચાલ્યાં ગયાં છે, તો હવે હું પણ જાઉં છું.’’

રાજા સત્યદેવે સત્યનાં ચરણ પકડી લીધાં અને કહ્યું :

''નહીં, આપ મને ત્યજીને ન જાઓ. મેં આપને ખાતર સર્વસ્વનો ત્યાગ કર્યો છે, પરંતુ મેં આપને કદી છોડયા નથી, તેથી આપ મને છોડીને કદી ન જાઓ.''

રાજા સત્યદેવની સત્યનિષ્ઠા જોઈને સત્યપુરુષ રોકાઈ ગયા.

હવે સત્ય હોય ત્યાં સદાચાર આવે જ, તેથી સદાચાર પાછા આવ્યા. જ્યાં સત્ય અને સદાચાર હોય ત્યાં યશ પણ આવે જ. તેથી યશ પણ પાછા આવ્યા. જ્યાં સત્ય, સદાચાર અને યશ હોય ત્યાં લક્ષ્મીજી આવે જ, તેથી લક્ષ્મીજી પણ પાછાં આવ્યાં. લક્ષ્મીજીની પાછળ દાન પણ આવે, તેથી દાન પણ પાછા આવી ગયા.



આમ મહારાજ સત્યદેવે સત્ય ન છોડયું તો સત્યને લીધે લક્ષ્મીજી આદિ સૌ આવી ગયાં. સત્ય જીવનનું કેન્દ્ર છે. જો સત્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે તો જીવનમાં બીજું બધું આપમેળે આવી જાય છે. જો કેન્દ્ર પકડાય તો પરિઘને પકડવાનું કઠિન નથી.

સત્ય સર્વથા અને સર્વદા મંગલકારી છે અને સત્ય માનવીનું સદૈવ રક્ષણ કરે છે તેથી 'મુણ્ડકોપનિષદ' ના ઋષિ કહે છે :

**सत्यमेव जयते नानृतं ।**

■